# 2 ભારતનો સાંસ્કૃતિક વારસો : પરંપરાઓ : હસ્ત અને લલિતકલા

ભારત સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે. જેમાં ભૌતિક અને જૈવિક વારસાનો સમાવેશ થાય છે. બાળકને જન્મ સાથે જ મા-બાપનાં શારીરિક અને માનસિક લક્ષણો મળે છે જેને જૈવિક વારસા તરીકે આપણે ઓળખીએ છીએ. જ્યારે ઘર, જમીન, જાગીર કે સ્થાવર-જંગમ મિલકત વારસામાં મળે તેને આપણે ભૌતિક વારસા તરીકે ઓળખીએ છીએ. તે રીતે માનવી પોતાની આવડત, બુદ્ધિ, શક્તિ, કલા-કૌશલ્ય દ્વારા જે કાંઈ મેળવે છે કે સર્જન કરે છે તેને સામાન્ય રીતે સાંસ્કૃતિક વારસો કહેવાય. તે જ રીતે સમાજ-જીવનમાં પૂર્વજો દ્વારા શરૂ થયેલી પરંપરાઓ, રૂઢિઓ, રીત રિવાજો અને એક વિશેષ પ્રકારની જીવનશૈલીને પણ આપણે સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખી શકીએ. તે ઉપરાંત આપણે બીજી બાબતો જેવી કે શિક્ષણ, ખેતી, વેપાર, રોજિંદા જીવન માટેના નીતિ નિયમો, ઉત્સવો, મનોરંજન, કલા કારીગરી, માન્યતાઓ, કૌશલ્યોનો સમાવેશ પણ તેમાં કરી શકીએ.

ભારત એ વિશ્વનો પ્રાચીન દેશ હોવાના લીધે તેની ઉત્તમ પરંપરાઓ, સામાજિક મૂલ્યો, રૂઢિઓ, રીત રિવાજો, પરિવાર વ્યવસ્થા સાથેની ખાસિયત ધરાવતા સાંસ્કૃતિક વારસાનું જતન અને જાળવણી કરવાની આપણી ફરજ બની રહે છે. પ્રાચીન ભારતની ચોસઠ કલાઓ જેમાં હસ્તકલા, કારીગરી, કસબ, હુન્નર, ચિત્ર, સંગીત, નાટ્યકલા અને નૃત્યકલા ઈત્યાદિ ગણાવી શકાય. આપણી પ્રાચીન મુદ્રાઓ પણ મૂલ્યવાન હતી. ભૂતકાળમાં વિદેશી પ્રવાસીઓ કે આક્રમકો માટે ભારતની સમૃદ્ધિ આકર્ષણનું કેન્દ્ર હતું. આજે ભારતના સાંસ્કૃતિક વારસાના પ્રતીક સમાન યોગ વિદ્યાનો સમગ્ર દુનિયાએ સ્વીકાર કર્યો છે અને તેના પરિણામ સ્વરૂપે સમગ્ર વિશ્વ 21 મી જૂનના દિવસને 'વિશ્વ યોગ દિવસ' તરીકે મનાવે છે.

આ પ્રકરણમાં આપણે ભારતની વિવિધ પ્રકારની કલા કારીગરી વિશે પરિચય મેળવીશું.

### ભારતીય કસબીઓની કરામત

ભારતના સાંસ્કૃતિક વારસાનું સૌંદર્ય ભારતીય કારીગરો અને કસબીઓની હુન્નર પારંગતતામાં સમાયેલું છે. ભારતના ભાતીગળ જીવનને તેઓએ તેમની કલા કારીગરી અને હુન્નર ઉદ્યોગ દ્વારા કુશળતાથી વિકસાવેલ છે. ભરત-ગૂંથણ, કાષ્ઠકલા, માટીકામ, ધાતુકામ, ચિત્રકલા, ચર્મ ઉદ્યોગ, મીના કારીગરી, નકશીકામ, અકીક અને હીરાને લગતી કૌશલ્યપૂર્ણ કારીગરી, શિલ્પ-સ્થાપત્ય, હાથવણાટને લગતી કારીગરી એ ભારતની એક આગવી ઓળખ છે.

### માટીકામ કલા :

માનવજીવન અને માટી વચ્ચે ઘણો જ પ્રાચીન સંબંધ રહ્યો છે. વ્યક્તિના જન્મથી મરણ સુધીની યાત્રા માટી સાથે જોડાયેલી રહે છે. ધાતુકામની શોધ નહોતી થઈ ત્યારે માનવી મહદ્ અંશે માટીમાંથી બનાવેલી સામગ્રીનો ઉપયોગ કરતો, જેમાં માટીના રમકડાં, ઘડા, કુલડી, કોડીયાં, હાંડલા, માટીના ચૂલા તથા અનાજ સંગ્રહ માટેની કોઠીઓ વગેરે ગણી શકાય. એ સમયે ઘરોની દીવાલોને પણ માટી અને છાણથી લીંપીને રક્ષણ અપાતું. પાણી, દૂધ, દહીં, છાશ અને ઘી જેવાં પ્રવાહી પણ માટીના વાસણોમાં રાખવામાં આવતાં. રસોઈનાં વાસણો પણ માટીનાં રહેતાં. લોથલ, મોહેં-જો-દડો તથા હડપ્પા સંસ્કૃતિ સમયનાં માટીનાં લાલ રંગનાં પવાલાં, બરણી, રકાબી વગેરે વાસણો મળી આવ્યાં છે. કુંભારનો ચાકડો માટીકામ માટેનું પ્રાચીન ભારતનું પ્રથમ યંત્ર ગણી શકાય. આજે પણ નવરાત્રીમાં ગરબા (અંદર દીવો હોય તેવો માટીનો કાણાં પાડેલો ઘડો) જોવા મળે છે.

કાચી માટી અને કાચી માટીમાંથી પકવેલા (ટેરાકૉટા) વાસણો તેમ જ વસ્તુઓનું ઉત્પાદન કરવા માટે ભારત પ્રાચીન કાળથી જાણીતું છે. જેનો ખ્યાલ આપણને દક્ષિણ ભારતના નાગાર્જુનકોંડા અને ગુજરાતના લાંઘણજ (મહેસાણા જિલ્લા)માંથી મળી આવેલા હાથથી બનાવેલા માટીના વાસણોના જૂના અવશેષોના આધારે મળે છે.

## વણાટકલા :

રૂની પૂણીમાંથી તાંતણા ખેંચવા સાથે તેમને વળ ચડાવી એક બીજાની પકડમાં જોડી લાંબો દોરો તૈયાર કરવાની કળાને 'કાંતણ' કહે છે. મહાત્મા ગાંધીજીએ કાંતણ વણાટ ગૃહ ઉદ્યોગને સવિશેષ મહત્ત્વ આપીને આઝાદીના આંદોલનમાં સ્વદેશી અને સ્વાવલંબન સાથે જોડી એક ઇતિહાસ રચ્યો તે આપણે જાણીએ છીએ.

**હાથ વણાટ :** પ્રાચીન સમયથી ભારત વસ્ત્ર-વિદ્યા ક્ષેત્રે જાણીતું છે. ભારતના કુશળ કારીગરો દ્વારા તૈયાર થતી ઢાકાની મલમલનો તાકો દિવાસળીની પેટીમાં સમાતો અથવા સાડી વીંટીમાંથી પસાર થઈ જતી હોવાની વાતો જાણીતી છે. કશ્મીર



2.1 હાથવણાટના ગાલીચા

સહિત ભારતમાં બનતા ગાલીચા, પાટણનાં પટોળાં, કાંજીવરમ તેમજ બનારસી સાડીઓ, રાજસ્થાનની બાંધણીઓ જેવા હાથવણાટના બેનમૂન હુન્નરના નમૂના એ ભારતની એક આગવી ઓળખ છે.

ગુજરાતમાં સોલંકી યુગના સુવર્ણકાળ દરમ્યાન તે વખતના પાટનગર પાટણમાં અનેક કારીગરો (સાળવીઓ) આવીને વસ્યા. તેમની આવડત અને કૌશલ્યને લીધે ખાસ કરીને પાટણનાં પટોળાં જગતભરમાં વિખ્યાત બન્યાં. પાટણનો આ હુન્નર આશરે 850 વર્ષો કરતાં પણ પ્રાચીન હોવાનું જણાય છે. અત્યંત અટપટી, જટિલ અને સમય માંગી લેતી આ કલા હાલમાં મર્યાદિત કારીગરો પાસે રહી છે. પાટણમાં બનતાં આ રેશમી વસ્ત્ર 'બેવડ ઈક્ત' (ઈક્ત-વણાંટ)ને પટોળાં તરીકે ઓળખવામાં આવે છે, જેમાં બંને બાજુ એક જ ભાત દેખાતી હોઈ બન્ને બાજુ પહેરી શકાય છે. પટોળાં વર્ષો સુધી ટકે છે અને તેનો રંગ પણ જતો ન હોવાથી આપણે ત્યાં 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ' કહેવત પણ પ્રચલિત થઈ છે.

## ભરત-ગૂંથણ કલા :

હડપ્પા અને મોહેં-જો-દડોના ઉત્ખનન દરમિયાન મળેલી મૂર્તિઓ અને પૂતળાંના વસ્ત્રો ઉપર પણ ભરત-ગૂંથણ કામ જોવા મળ્યું છે. ભારતમાં પુરુષો, સ્ત્રીઓ તથા બાળકોના વસ્ત્રો ઉપર ભરત-ગૂંથણ કરવાની કારીગરી પણ ઘણી પ્રાચીન છે. સિંધુ સંસ્કૃતિના સમયે સિંધ, સૌરાષ્ટ્ર અને કચ્છનાં સ્ત્રી પુરુષોનાં વસ્ત્રો ઉપર ભરતકામ જોવા મળેલું છે. એ જ રીતે કશ્મીરનું કશ્મીરી ભરત પણ જાણીતું છે.

આ ઉપરાંત ગુજરાતના જામનગર, જેતપુર, ભૂજ અને માંડવી સહિતના વિસ્તારો બાંધણી અને તેના ઉપરની પરંપરાગત શૈલીવાળી હાથી, પૂતળી, ચોપાટ, પક્ષીઓ, કળશ, વગેરે સુંદર ડિઝાઈનો માટે જાણીતા છે. કપડા ઉપર છપાઈ

અને ભરત-ગૂંથણ એ ગુજરાતના કચ્છ, સૌરાષ્ટ્ર વગેરે પ્રદેશની સ્ત્રીઓનો ગૃહ વ્યવસાય રહ્યો છે. ચંદરવા, શાખ તોરણ, ચાકળા, ઓછાડ, તકિયા, પારણાં અને ઓશીકાં ઉપરાંત કેટલીક કોમોમાં પહેરાતાં કેડીયાં નામનાં વસ્ત્રો ઉપરની ભરત-ગૂંથણ કલાની પરંપરા આજે પણ પ્રખ્યાત છે. ભરત-ગૂંથણથી શણગારેલા ધાબળા, રજાઈ ઉપર ભૌમિતિક અને વિવિધ આકૃતિ પ્રધાન કૃતિઓ સાથેનું ભરતકામ પણ જોવા મળે છે. કચ્છના બન્ની વિસ્તારોમાં 'જત' જેવી કોમની ભરતકલા પણ આગવી વિશેષતા ધરાવે છે.

### ચર્મ ઉદ્યોગ :

પ્રાચીન ભારતમાં મૃત્યુ પામેલા જાનવરોના ચામડાનો વિવિધ ઉપયોગ થતો. પ્રાણીના મૃત્યુ પછી પરંપરાગત રીતે ચામડુ કમાવવામાં (Process) આવતું. ખેતી માટે કૂવામાંથી પાણી કાઢવા માટેના કોસ તથા પાણીની મશકો અને પખાલોમાં ચામડાનો ઉપયોગ થતો. ઢોલ, નગારાં, તબલાં, ઢોલક જેવાં સંગીતનાં સાધનો ઉપરાંત લુહારની ધમણો, વિવિધ પ્રકારનાં પગરખાં અને પ્રાણીઓને બાંધવા ચામડાનો ઉપયોગ થતો. યુદ્ધોમાં વપરાતી ઢાલમાં પણ પ્રાણીઓના ચામડાનો ઉપયોગ થતો.

ભારતનો ચર્મ ઉદ્યોગ આગવું સ્થાન ધરાવતો વિવિધ પ્રકારની ચામડાની ભરત-ગૂંથણવાળી મોજડીઓ, પગરખાં, ચામડાનાં પાકીટ, પટ્ટા તથા ઘોડા અને ઊંટ જેવાં પ્રાણીઓની પીઠ ઉપર મૂકવામાં આવતાં સાજ, પલાણ, લગામ તેમ જ ચાબુક માટેની દોરી પણ ચામડાની રહેતી.

### હીરા-મોતીકામ અને મીનાકારીગરી :

ભારતની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ત્રણે દિશાઓમાં 7517 કિલોમીટર લંબાઈ ધરાવતો સમુદ્ર કિનારો હોવાથી હીરામોતીનો ઉપયોગ મોટા પ્રમાણમાં થતો આવ્યો છે. દરિયાઈ માર્ગની મુસાફરી ખેડીને દરિયાપારના દેશો સાથે વેપારી સંબંધોના કારણે હીરામોતીનો વેપાર પણ થતો રહેતો. ભારતના કારીગરોએ બનાવેલાં હીરા મોતીના આભૂષણોની વિદેશોમાં પહેલાંથી જ ખૂબ માંગ રહી છે. વિશ્વવિખ્યાત કોહિનૂર અને ગ્રેટ મુઘલ હીરા પણ ભારતમાંથી મળી આવેલા. ભારતીયો આભૂષણ અલંકારોના શોખીન હોવાથી સોનાના દાગીના ઉપરાંત શ્રીમંત વર્ગ, રાજા-મહારાજાઓ અને અમીર ઉમરાવો વૈવિધ્ય સભર હીરા મોતીના આભૂષણો પહેરતાં.

પ્રાચીન સમયમાં રાજા-મહારાજાઓ, શ્રેષ્ઠીઓ અને મહાજનો પણ હીરા, મોતી, માણેક, પન્ના, પોખરાજ, નીલમ વગેરે રત્નોનો ઉપયોગ વસ્ત્રાભૂષણોની શોભા વધારવા કરતા. રાજા-મહારાજાઓ અને બાદશાહોનાં સિંહાસનો, મુગટો, માળાઓ, બાજુબંધ બનાવવામાં આ રત્નોનો ઉપયોગ થતો. ગુજરાતમાં મોતીકામનો સવિશેષ ઉપયોગ થતો જોવા મળે છે. મોતીનાં કલાત્મક તોરણો, માળાઓ, કળશ, ઘૂઘરા, પછીત, બારી, ચાકળા, લગ્નનાં નાળિયેર, ઈંઢોણી, પંખા, બળદ માટેના સુશોભન કરેલાં મોડિયાં, શીંગડાં, ઝૂલ વગેરે ગૂંથવાની કલા કારીગરી અદ્ભુત રહેલી છે. ભારતભરમાં આ સઘળી કામગીરી એ હસ્તકલા કારીગરી તરીકે પરંપરાગત જોવા મળે છે.

દુનિયાભરના દેશોમાં સોના, ચાંદી તથા મીનાકારીની કલા કારીગરીમાં આપણો ભારત દેશ અગ્રિમ સ્થાને છે. આપણે ત્યાં સોના-ચાંદીના અલંકારો (માળા, હાર, વીંટી, એરિંગ, કંગન, ચાવીનો ઝૂમખો વગેરે)માં કૌશલ્ય અને નિપુણતા ધરાવતા કારીગરો મીના કારીગરી વડે લાલ, લીલો અને વાદળી રંગો પૂરીને આવાં ઘરેણાંની શોભા વધારતા હોય છે. આવી મીના કારીગરીનું કૌશલ્ય ધરાવતા કારીગરો જયપુર, લખનૌ, દિલ્હી, વારાણસી અને હૈદ્રાબાદમાં સવિશેષ જોવા મળે છે.

### જરીકામ :

ભારતમાં જરી-ભરતની કળા પણ પ્રાચીન સમયથી જોવા મળે છે. ચાંદી અને સોનાના તારના રૂપમાં જરી બનાવી તેનો ઉપયોગ ભરત-ગૂંથણ કળા દ્વારા કિંમતી વસ્ત્રો શણગારવામાં થતો. ભારતમાં જરીકામના હુન્નર માટે સુરત જાણીતું છે. પાનેતર, સાડી, ઘરચોળાં જેવાં વસ્ત્ર પરિધાન માટે સુરતના કુશળ કારીગરો જરીની કિનારી લગાડીને બેનમૂન કામ કરી આપતા હતા.

### ધાતુકામ :

ધાતુવિદ્યા પણ ભારતની પ્રાચીન વિદ્યા છે. પાષાણ યુગ પછીના ધાતુયુગમાં ધાતુવિદ્યા વિકસી. લોથલના કારીગરોએ ધાતુઓમાંથી બનાવેલાં દાતરડાં, શારડીઓ, વળાંકવાળી કરવત, આરા અને સોય જેવાં તાંબાનાં અને કાંસાનાં ઓજારો બનાવતા હોવાનું જણાયું છે. આમ ધાતુમાંથી ઓજારો ઉપરાંત વાસણો, મૂર્તિઓ અને પાત્રો બનાવવામાં આવતાં. યુદ્ધો માટેનાં અસ્ત્રો અને શસ્ત્રો પણ ધાતુમાંથી બનાવવામાં આવતાં. સોના-ચાંદી જેવી ધાતુનો ઉપયોગ ઘરેણાં માટે થતો, તાંબું, પિત્તળ, કાંસુ જેવી ધાતુઓનો ઉપયોગ વાસણો અને મૂર્તિઓ બનાવવામાં થતો જ્યારે લોખંડનો ઉપયોગ ઓજારો અને હથિયારો બનાવવામાં થતો હતો.

### કાષ્ઠકલા :

માનવજીવનનો સંબંધ શરૂઆતથી જ વૃક્ષ અને વનરાજી સાથે જોડાયેલો છે. પ્રારંભમાં બળતણ તરીકે અને સમયાંતરે ઓજારો, ભવનો અને મકાનોના બાંધકામમાં લાકડાનો ઉપયોગ થતો ચાલ્યો. ક્રમશઃ લાકડાની મૂર્તિઓ, બાળકો માટેનાં રમકડાં, સોગઠાં, થાંભલીઓ, બારી-બારણાં, ગોખ, અટારીઓ, સિંહાસનો, ખુરશીઓ, જાળીઓ એ રીતે કાષ્ઠકલા કોતરણીનો વિકાસ થતો રહ્યો. ગુજરાતમાં સંખેડાનું ફર્નિચર, લાકડાના હીંચકા તથા ઈડરનાં રમકડાં જાણીતાં છે.

### જડતરકામ :

અલંકારો અને જડતરકામની કલા ભારતની એક પ્રાચીન કલા છે. ભારતના રાજાઓ, સમ્રાટો, અન્ય શાસકો અને તે સમયના શ્રીમંતો વગેરે જે સુવર્ણ અલંકારો ધારણ કરતા તેમાં હીરા, મોતી, માણેક જેવાં કિંમતી રત્નોને ગળાના હાર, બાજુબંધ, કડાં, મુગટ, દામણી, વીંટી, નથણી, કાપ વગેરેમાં જડીને ધારણ કરતાં. વિશેષ નિપુણતા ધરાવતા કારીગરો આવી જડતર કલામાં પ્રવીણ હતા. રાજસ્થાનનું બિકાનેર ઘરેણાંના જડતરકામ માટે જાણીતું છે.

### અકીકકામ :

અકીક એ ભારતની કેટલીક નદીઓના ખીણ પ્રદેશમાંથી મળી આવતો એક પ્રકારનો કિંમતી પથ્થર છે. તેમાં અકીક, ચકમક અને અર્ધપારદર્શક - સુંદર રાતો પથ્થર (કાર્નેલિયન) એ મુખ્ય છે. ખાસ કરીને સિલિકા-મિશ્રિત ભૂરા કે સફેદ રંગના (કેલ્સીડોનિક) પથ્થરોને 'અકીક' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં સુરત અને રાણપુર વિસ્તારોમાં જુદા જુદા આકારના અકીકના પથ્થરો મળી આવે છે. અકીકના પથ્થરોને અલંકારોમાં જડવા માટે ખંભાત મોકલવામાં આવે છે. ખંભાતના કારીગરો અકીકના પથ્થરો ઉપર પહેલ પાડવાની અને અન્ય પ્રક્રિયા કરી તેને તેનો વિવિધ અલંકારોમાં જડવાપાત્ર બનાવે છે અથવા અકીકના પથ્થરોની માળા કે મણકા તૈયાર કરે છે.

### ચિત્રકલા :

ચિત્રકલાનું સ્થાન વિવિધ કલાઓમાં અગ્રિમ સ્થાને છે. રંગ અને રેખાઓ દ્વારા કલા અને સૌદર્યનું રસપાન કરાવતી ચિત્રકલામાં પ્રકૃતિનાં જડ અને ચૈતન્ય સ્વરૂપોમાં રહેલા વિવિધ ભાવોનું દર્શન કરાવવાની ક્ષમતા રહેલી છે. આશરે 5000 વર્ષ જૂની હડપ્પીયન સંસ્કૃતિના અવશેષોમાંથી ભારતીય ચિત્રકલાના પુરાવા મળી આવ્યા છે. પુરાતત્ત્વ ખાતા દ્વારા વખતોવખત થતાં ઉત્ખનનોમાં પણ ભારતની ચિત્રકલાનાં નમૂના મળી આવે છે. પાષણયુગના આદિમાનવનાં ગુફાચિત્રોમાં પશુ પક્ષીઓનાં આલેખનો જોવા મળે છે. હડપ્પાના લોકો માટીનાં વાસણો ઉપર ફૂલછોડ અને ભૌમિતિક રેખાંકનોની ભાત પાડતા હતા. મધ્યપ્રદેશના હાથી, ગેંડો, હરણ ઈત્યાદિ ચિત્રો નોંધપાત્ર છે. અજંટા-ઈલોરાના ચિત્રો ભારતીય ચિત્રકલાના અજોડ નમૂના છે. ભારતમાં પારંપરિક રીતે મંગળ પ્રસંગોએ સ્વસ્તિક, કળશ, ગણેશનાં ચિત્રો દોરવાની અને કેટલાક વિસ્તારોમાં રંગોળી પૂરવાની પ્રથા પણ ઘણી જૂની છે.




2.2 પદ્મ-પાણિ અજંતા

## ભારતની લલિતકલાઓ :

ગાયન, વાદન નર્તન અને વિવિધ પાત્રોની વેશભૂષા ધારણ કરી કોઈ કથા કે પ્રસંગ ભજવવો (નાટક કરવું) એ ભારતીય સંસ્કૃતિની વિશેષતા રહી છે. રામાયણ, મહાભારત જેવા મહાન ગ્રંથો અને અન્ય ભારતીય સાહિત્યના આધારે મનોરંજન સાથે લોક સંસ્કાર આપવાનું કાર્ય લાંબા સમયથી ભારતમાં ચાલતું આવ્યું છે, જેનો ઊંડો અભ્યાસ રસપ્રદ છે.

### સંગીતકલા :




ભારતીય સંગીત સ્વર, લય અને તાલની દૃષ્ટિએ વિશ્વમાં અલગ તરી આવે છે. આપણા 4 વેદો પૈકી સામવેદ એ સંગીતને લગતો વેદ ગણાય છે. સામવેદની ઋચાઓ પણ સંગીત સાથે તાલબદ્ધ રીતે ગાવાની હોય છે. સંગીતમાં ગાયન અને વાદન બંનેનો સમાવેશ થાય છે. સા,રે,ગ,મ,પ,ધ,ની એ સંગીતના મુખ્ય 7 સ્વર છે. આપણા સંગીતને મુખ્યત્વે શાસ્ત્રીય સંગીત અને લોક સંગીત એમ બે ભાગમાં વહેંચી શકાય. સંગીતના 5 રાગો (1) શ્રી (2) દીપક (3) હીંડોળ (4) મેઘ અને (5) ભૈરવી એ ભગવાન શંકરના પંચમુખેથી ઉત્પન્ન થયા હોવાનું મનાય છે. પ્રાચીન ભારતમાં સંગીત સંબંધી ઘણા ગ્રંથો લખાયા છે જેમાંના સંગીત મકરંદ, સંગીત રત્નાકર અને સંગીત પારિજાતનો પરિચય નીચે મુજબ છે.










2.3 સંગીતનાં સાધનો

**(1) 'સંગીત મકરંદ' :** સંગીતશાસ્ત્રના જ્ઞાતા પંડિત નારદે ઈ.સ. 900 ના અરસામાં આ ગ્રંથ લખેલો જેમાં 19 પ્રકારની વીણા અને 101 પ્રકારના તાલનું વર્ણન છે.

**(2) 'સંગીત રત્નાકર' :** સંગીતશાસ્ત્રના તજજ્ઞ પંડિત સારંગદેવે આ ગ્રંથની રચના કરેલી. દોલતાબાદ (દેવગિરિ) નિવાસી હોઈને તેઓ ઉત્તર ભારત અને દક્ષિણ ભારતના સંગીતથી સુપરિચિત હતા. પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડે 'સંગીત રત્નાકર'ને ભારતીય સંગીતનો સૌથી વધુ પ્રમાણભૂતગ્રંથ ગણાવે છે. સંગીતનાં અંગો સમજવા માટે આ ગ્રંથ બેજોડ ગણાય છે.

**(3) 'સંગીત પારિજાત' :** પંડિત અહોબલે ઈ.સ. 1665માં ઉત્તર હિન્દુસ્તાની સંગીત પદ્ધતિ માટે આ ખૂબ જ મહત્ત્વના ગ્રંથની રચના કરી હતી. તેમણે દરેક રાગ અન્ય રાગથી અલગ હોવાનું તેમ જ તેનું સ્વતંત્ર અસ્તિત્વ તથા વિશેષતા હોવાનું સમજાવ્યું હતું. તેઓએ 29 પ્રકારના સ્વરો ગણાવ્યા છે.

અલ્લાઉદ્દીન ખલજીના સમયના અમીર ખુશરો શાયરી અને સંગીતના પ્રદાનને લીધે 'તુતી-એ-હિન્દ' તરીકે વિખ્યાત થયા હતા. ભારતમાં 15મી અને 16મી સદીમાં થયેલા ભક્તિ આંદોલન સમયના સુરદાસ, કબીર, તુલસીદાસ, ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ અને નરસિંહ મહેતાનાં ભજનો અને કીર્તનોથી ભારતમાં એક ભક્તિમય વાતાવરણ ઊભું થયું હતું. 15મી સદીમાં સ્વામી હરિદાસના શિષ્ય બૈજુ બાવરા અને તાનસેન જેમ એજ સમયમાં આપણા ગુજરાતની સંગીત બેલડી કન્યાઓ તાના અને રીરીનું નામ પણ ગણાવી શકાય.



2.4 નૃત્યકલાના આદિદેવ નટરાજ

## નૃત્યકલા :

નૃત્ય શબ્દની વ્યુત્પત્તિ મૂળ સંસ્કૃત શબ્દ 'નૃત્' (નૃત્ય કરવું) ઉપરથી થઈ છે. નૃત્ય એ તાલ અને લય સાથે સૌદર્યની અનુભૂતિ કરાવે છે. નૃત્યકલાના આદિદેવ ભગવાન શિવ-નટરાજ મનાય છે. નટરાજ શિવે પૃથ્વીવાસીઓને નૃત્યકલા શીખવવા માટે સ્વર્ગમાંથી પૃથ્વી પર આ કલા સર્વ પ્રથમ લાવ્યા હોવાની માન્યતા છે. ભારતીય શાસ્ત્રીય નૃત્યોમાં ભરતનાટ્યમ્, કુચીપુડી, કથક, કથકલી ઓડિસી અને મણિપુરી એ મુખ્ય પ્રકારો છે.

## ભરતનાટ્યમ્ :

ભરતનાટ્યમ્નું ઉદ્ભવ સ્થાન તમિલનાડુ રાજ્યનો તાંજોર જિલ્લો ગણાય છે. ભરતમુનિએ રચેલ 'નાટ્યશાસ્ત્ર' અને નંદીકેશ્વર રચિત 'અભિનવદર્પણ' આ બંને ગ્રંથો ભરતનાટ્યમ્ના આધાર-સ્રોત છે. મૃણાલિની સારાભાઈ, ગોપીકૃષ્ણ ઉપરાંત ફિલ્મ ક્ષેત્રની જાણીતી અભિનેત્રીઓ વૈજયંતીમાલા અને હેમામાલિની પણ આ પ્રાચીન પરંપરાનો વારસો જાળવનારાઓમાં ગણાય છે.



2.5 ભરતનાટ્યમ્ નૃત્યકલા

## કુચીપુડી નૃત્યશૈલી :

આ નૃત્યની રચના 15મી સદીના સમયમાં થઈ છે. મુખ્યત્વે સ્ત્રી સૌદર્યના વર્ણન ઉપર આધારિત અને સ્ત્રીઓ અને પુરુષો બન્ને દ્વારા કરાતા કુચીપુડી નૃત્યમાં ભારતીય નૃત્યની પાયાની મુદ્રાઓ વણી લેવામાં આવી છે. આ નૃત્ય આંધ્રમાં વિશેષ પ્રચલિત છે. ગુરુ પ્રહ્લાદ શર્મા, રાજારેડ્ડી, યામિની રેડ્ડી, શોભા નાયડુ વગેરે જાણીતા નર્તકોએ આ શૈલીના પ્રાચીન વારસાને વિખ્યાત બનાવ્યો છે.

## કથકલી :

કથકલી એ કેરલ રાજ્યનું પ્રચલિત નૃત્ય છે. કથકલી શબ્દ પૌરાણિક મહાકાવ્યો, મહાભારતના પ્રસંગો અને સંસ્કૃત મલયાલમ મિશ્રિત નાટકો પાછળથી કથકલી કહેવાયાં. કથકલીની વેશભૂષા ઘેરદાર સુંદર કપડાંવાળી હોય છે, અને તેનાં પાત્રોને ઓળખાવા માટે તેમના ચહેરા ઉપરના વિશિષ્ટ ચિતરામણ (મુખાકૃતિ)ને સમજવું પડે છે. આ નૃત્યમાં નટ કલાત્મક મુકુટ ધારણ કરી રજૂઆત સમયે એક જ તેલના દીવાના તેજથી પ્રકાશિત રંગમંચ પર પડદા પાછળ આવીને પોતાની સંગીતમય ઓળખ આપી ત્રણેય લોકના પાત્રોને ચહેરાના હાવભાવ અને હસ્તમુદ્રાથી સજીવ કરે છે.

કેરળના કવિ શ્રી વલ્લથોળ (સ્થાપિત કલામંડળમાં કથકલી), કલામંડલમ્ કૃષ્ણપ્રસાદ, શિવારમન વગેરેએ આ શૈલીને દેશ-વિદેશમાં નામના અપાવી છે.

## કથક નૃત્ય :

'કથન કરે સો કથક કહાવે' વાક્ય પરથી કથક ઉતરી આવ્યું છે. મહાભારતમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓ સાથેના નૃત્યોની કથાઓ આધારિત કથક નૃત્યનો વૈષ્ણવ સંપ્રદાયની શૃંગારભક્તિ સાથે ઉત્તર ભારતમાં વિકાસ થયો છે. તેમાં એક પગ પર ગોળ ગોળ ફરવું અને નૃત્યના પ્રસંગો પ્રદર્શિત કરવામાં આવે છે. આ નૃત્યમાં સ્ત્રીઓ ચુડીદાર પાયજામો

અને ઉપર ઘેરવાળું વસ્ત્ર પહેરે છે. પંડિત શ્રી બિરજૂ મહારાજ, સિતારા દેવી અને કુમુદિની લાખિયા વગેરેએ આ કલાને જીવંત રાખી છે.



2.6 મણિપુરી નૃત્યકલા


### મણિપુરી નૃત્ય :

મણિપુરની પ્રજા દરેક ઉત્સવ પ્રસંગે નૃત્ય કરે છે. મણિપુરી નૃત્યશૈલી મુખ્યત્વે શ્રીકૃષ્ણની બાળલીલા અને રાસલીલા પર આધારિત છે. મણિપુરી નૃત્યના લાસ્ય અને તાંડવ એમ બે પ્રકાર છે. આ નૃત્ય વખતે રેશમનો બ્લાઉઝ પહેરીને કમરે પટ્ટો બાંધવામાં આવે છે તથા નીચે ઘેરદાર લીલા રંગનો ચણિયો ‘કુમીન’ પહેરવામાં આવે છે. ગુરુ આમોબીસિંગ આતોમ્બોસિંગ, ગુરુ બિપિન સિન્હા, નયના ઝવેરી, નિર્મલ મહેતા વગેરેએ આ નૃત્યને દેશ વિદેશમાં નામના અપાવી છે.

### નાટ્યકલા :

મનોરંજન સાથે સંસ્કાર એ ભારતીય નાટ્યકલાની વિશેષતા રહી છે. નાટકનું સંચાલન કરનાર સૂત્રધાર અને રમૂજ વડે આનંદ પમાડતા વિદૂષકની જોડી સાથેનાં નાટકો ભારતની નાટ્યકલાની એક આગવી ઓળખ બની રહી છે. ભરતમુનિએ રચેલું ‘નાટ્યશાસ્ત્ર’ કલાક્ષેત્રે પ્રચલિત છે. નાટ્યકલા એ નાટ્યલેખન અને મંચન દ્વારા રંગમંચ ઉપર દૃશ્ય-શ્રાવ્ય અને અભિનયના ત્રિવેણી સંગમ સાથે આબાલવૃદ્ધોનું મનોરંજન અને લોકશિક્ષણ કરતી ભારતની પ્રાચીન કળા છે. આ કલામાં તમામ કલાઓનો સમન્વય હોવાનું વર્ણવતાં ભરતમુનિએ નોંધ્યું છે કે - ‘‘એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી કે જે નાટ્યકલામાં ન હોય.’’ ભરતમુનિ રચિત પ્રથમ નાટકનું કથાનક ‘દેવાસુર સંગ્રામ’ હતું. સંસ્કૃત સાહિત્યમાં મહાકવિ ભાસે મહાભારત આધારિત ‘કર્ણભાર’, ‘ઊરુભંગ’ અને ‘દૂતવાક્યમ્’ જેવાં નાટકોનો વારસો આપણને આપ્યો છે. જ્યારે મહાકવિ કાલિદાસનાં ‘અભિજ્ઞાન શાકુંતલમ્’, ‘વિક્રમોવર્શીયમ્’ તેમ જ ‘માલવિકાગ્નિમિત્રમ્’ નાટકો એ સૌથી વધુ જાણીતી રચનાઓ છે. આ ઉપરાંત પ્રાચીન સમયમાં નાટ્યકલા ક્ષેત્રે અનેક નાટ્યકારો થયા, જેમણે સંસ્કૃત નાટ્યકલાને સમૃદ્ધ બનાવી.

ગુજરાતની નાટ્યકલાઓમાં જયશંકર સુંદરીનું નામ મોખરે ગણાય. આ ઉપરાંત અમૃત નાયક, બાપુલાલ નાયક (નંદબત્રીસી નાટક), પ્રાણસુખ નાયક, દિના પાઠક, જશવંત ઠાકર, ઉપેન્દ્ર ત્રિવેદી, પ્રવીણ જોષી, સરિતા જોષી, દીપક ઘીવાલા વગેરેનો ફાળો પણ નોંધપાત્ર ગણાય. દેશી નાટક સમાજ અને અન્ય નાટ્યસંસ્થાઓનો ફાળો પણ નોંધવો રહ્યો.



2.7 જયશંકર સુંદરી

### ભવાઈ :

શાસ્ત્રકારોએ ભવાઈને ‘ભાવપ્રધાન નાટકો’ કહ્યાં છે. ભવાઈ એ અસાઈત ઠાકર દ્વારા શરૂ કરાયેલ ગુજરાતની આશરે 700 વર્ષ જૂની વિશિષ્ટ પ્રકારની નાટ્યકલા છે. સસ્તા ખર્ચે લોક શિક્ષણ સાથે મનોરંજન કરતી આ નાટ્યકલાને સોલંકી યુગમાં પ્રોત્સાહન અપાયું. મોટે ભાગે પડદા વિના ભજવાતાં નાટકો, હળવી શૈલીની રમૂજો અને ભૂંગળ વાદ્ય સાથે સંગીત પ્રધાન નાટકો અને વેશ (રામદેવનો વેશ, ઝંડા ઝુલણનો વેશ, કજોડાનો વેશ વગેરે), એ ભવાઈની

વિશેષતા રહી છે. ભવાઈના વિષયવસ્તુમાં સામાજિક કુરિવાજોના પ્રતિકારનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં કન્યા કેળવણી, બેટી બચાવો જેવા કાર્યક્રમો માટે રંગલા-રંગલી જેવાં પાત્રો સાથે ભવાઈ નાટ્યપ્રયોગો યોજાય છે. ભવાઈ ભજવનાર ભવાયાઓ ભૂંગળ વગાડી માતાજીની સ્તુતિ કરતા હોય છે.

### ગુજરાતનાં લોકનૃત્યો :

ગુજરાતની ઉત્સવપ્રિય પ્રજાની વિવિધ કોમો અને જાતિઓમાં રૂઢિઓ, રીતરિવાજો અને પરંપરાઓ મુજબનાં લોકનૃત્યો જોવા મળે છે. આવાં નૃત્યોમાં આદિવાસી લોકનૃત્યો, ગરબા, રાસ તથા અન્ય લોકનૃત્યો ગણાવી શકાય. તહેવારો, લગ્નપ્રસંગો, મેળા વગેરે પ્રસંગોએ આવાં નૃત્યો જોવા મળે છે.

### આદિવાસી નૃત્યો :

ગુજરાતના આદિવાસીઓમાં હોળી અને બીજા તહેવારો, લગ્નો, દેવી દેવતાઓને ખુશ કરવા માટે અને મેળાઓમાં નૃત્યો જોવા મળે છે. મોટા ભાગનાં નૃત્યો વર્તુળાકારે ફરતાં ફરતાં, ઢોલ અને રૂઢિ મુજબનાં મંજીરાં, થારી, તૂર, પાવરી, તંબૂરા વગેરે વાજિંત્રો સાથે સ્થાનિક બોલીમાં ગાવાની સાથે જોવા મળે છે. આવાં નૃત્યોમાં 'ચાળો' તરીકે જાણીતા નૃત્યમાં મોર, ખિસકોલી, ચકલી જેવાં પક્ષીઓની નકલ હોય છે. ડાંગમાં પણ આવો 'માળીનો ચાળો' તથા 'ઠાકર્યા ચાળો' નૃત્ય જોવા મળે છે. જ્યારે ભીલ અને કોળી જાતિઓમાં શ્રમહારી ટીપણી નૃત્યમાં જાડી લાકડી નીચે લાકડાના ટુકડા જડીને જમીન ઉપર અથડાવી તાલ દ્વારા સમૂહ નૃત્ય કરવામાં આવે છે.



2.8 આદિવાસી નૃત્ય

### ગરબા :

ગરબો શબ્દ 'ગર્ભ-દીપ' ઉપરથી બન્યો છે. ઘડાને કોરાવીને તેમાં દીવો મૂકવો અને એની ચોમેર કે તેને માથે મૂકી ગોળાકારે નૃત્ય કરવું તે ગરબો. સમગ્ર ગુજરાત રાજ્યમાં નવરાત્રી-આસો સુદ-1થી આસો સુદ-9 (ક્યાંક સુદ-10 કે શરદપૂનમ) દરમ્યાન ગરબા રમાય છે. આદ્યશક્તિ મા જગદંબાની પૂજા અને આરાધનાના આ પવિત્ર પર્વે ગરવી ગુજરાતણો માતાજીના ગરબા ગાય છે. સામાન્ય રીતે ચોક કે મેદાનની વચ્ચે માતાજીની માંડવી હોય અને તેને ફરતાં વર્તુળાકારે મોટે ભાગે તાળીઓના તાલે અને ઢોલના ધબકારે ગરબા ગવાય છે. સામાન્ય રીતે ગરબામાં ગરબા ગવડાવનાર અને ઝીલનારાં અને ઢોલના તાલે ગીત, સ્વર અને તાલ મેળવી એક તાળી, બે તાળી અને ત્રણ તાળી અને ચપટી સાથે હાથના હિલોળા સાથે ગરબા ગાય છે.

ગુજરાતમાં ગરબા ઉપરાંત ગવાતી ગરબીનો સંબંધ મહદ્ અંશે શ્રીકૃષ્ણ ભક્તિ સાથેનો છે. ગુજરાતી કવિ દયારામે ગોપીભાવે શ્રીકૃષ્ણપ્રેમની રંગભરી ગરબીઓ રચી ગુજરાતી સ્ત્રીઓના કંઠને ગુંજતો કરી દીધો.

### રાસ :

રાસ એટલે ગોળાકારે ફરતાં ફરતાં નૃત્ય સાથે ગાવું તે. આપણે ત્યાં શ્રીકૃષ્ણ ભગવાને ભક્ત નરસિંહ મહેતાને

રાસલીલા બતાવી હતી તેવી કથા છે. ગુજરાતમાં મોટેભાગે નવરાત્રી તથા જન્માષ્ટમી જેવા તહેવારોએ રાસ રમાય છે. દાંડિયા રાસ એ રાસનો એક પ્રકાર છે, પરંતુ ગાગર કે હાંડો લઈને પણ રાસ કરાતા હોય છે. વૈષ્ણવ સંપ્રદાયની અસર વધતાં રાસ વધુ લોકપ્રિય બન્યા છે. રાસ રમવા સ્ત્રીઓ ભરત ભરેલાં ચણિયા-ચોળી અને પુરુષો કેડિયા-ધોતીનો પરંપરાગત પોશાક પહેરે છે.

### ગુજરાતનાં અન્ય નૃત્યો :

**(1) ગોફ ગૂંથન નૃત્ય :** ગુજરાતના આ નૃત્યમાં ઢોલ વગેરેના સંગીતના તાલે, માંડવો, થાંભલો કે વૃક્ષ સાથે દોરી બાંધી તેના છેડા નીચે સમૂહમાં ઊભેલા નાચનારા પકડીને (એક હાથમાં છેડો અને બીજા હાથમાં દાંડિયો) વેલ આકારે એક અંદર અને એક બહાર એમ ગોળ ફરતા જઈ ગૂંથણી બાંધે છે અને છોડે છે.

**(2) સીદીઓનું ધમાલ નૃત્ય :** મૂળ આફ્રિકાના અને ગીરની મધ્યમાં હાલના જાંબુરમાં વસેલા સીદી લોકોનું આ નૃત્ય છે. મશીરા (નાળિયેરના કોચલામાં કોડીઓ ભરી તેના ઉપર કપડું બાંધી) તાલબદ્ધ ખખડાવવાની સાથે મોરપીંછનું ઝૂંડ અને નાનાં નાનાં ઢોલકાં સાથે ગોળાકારે ફરીને ગવાતું આ નૃત્ય છે. હો-હોના આરોહ અવરોહ સાથે ગવાતા આ નૃત્યમાં પહાડો અને જંગલમાં ઘેરા પડછંદો ઉઠતા હોય તેવું લાગે છે. પશુ પક્ષીઓના અવાજની નકલ કરતા સમૂહમાં નૃત્ય કરે છે.

**(3) મેરાયો નૃત્ય, પઢાર નૃત્ય તથા કોળીઓ અને મેરનાં નૃત્યો :** બનાસકાંઠાના વાવ વિસ્તારમાં સરખડ કે ઝુંઝાળી જેવા ઊંચા ઘાસમાંથી તોરણ જેવાં ઝુમખાંનો મેરાયો ગૂંથી ઢોલના અવાજ સાથે તલવારના દાવપેચ જેવું નૃત્ય મેરાયો નૃત્ય તરીકે જાણીતું છે.

સુરેન્દ્રનગર વગેરે વિસ્તારમાં પઢાર જાતિના લોકો દ્વારા થતા પઢાર નૃત્યમાં દાંડિયા કે મંજીરા સાથે લય અને તાલ સાથે શરીરને જમીન સરસું લઈ બેઠા થવાનું હોય છે. સાગરનાં મોજાં કે એ મોજાં ઉપર હિલોળા લેતા વહાણ જેવું દૃશ્ય ખડું કરે છે.

સૌરાષ્ટ્રના કોળીઓના કોળીનૃત્યમાં તેઓ માથે મધરાસિયો(માથે બાંધવાનું રંગીન કપડું), આંટીયાળી ગોળ પાઘડી અને તેને છેડે આભલાં ભરેલું લીલા પટ્ટાનું બાંધણું અને કેડે રંગીન ભેટ પહેરીને આ નૃત્ય કરે છે. તે જ રીતે સૌરાષ્ટ્રના મેર તથા ભરવાડજાતિના નૃત્યો પણ જાણીતાં છે.

આમ, આ પ્રકરણમાં આપણે કરેલ અગાઉની ચર્ચા મુજબ ભારતની સંસ્કૃતિ સર્વ વ્યાપક અને સર્વ સમાવેશક હોવાનું જોવા મળેલ છે. પ્રાચીન કાળથી શરૂ કરી સાંપ્રત સમય સુધી વિવિધ જાતિઓના આગમન અને થયેલાં પરિવર્તનો મુજબ હસ્તકળા, ગૃહ કારીગરી અને ચિત્રકળા તેમજ નૃત્યકળા સહિતની વિવિધ લલિતકલાઓ વિકસી છે. એ ભારતના વૈવિધ્યપૂર્ણ વારસાના દર્શન કરાવે છે અને વિશ્વમાં ભારતની અમીટ છાપ છોડે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો :**

(1) પ્રાચીન ભારતના વારસાની માટીકામ કલા સમજાવો.
(2) 'ચર્મકામ ભારતની ઘણી જૂની કારીગરી' છે તે સ્પષ્ટ કરો.
(3) સંગીત રત્નાકરનો પરિચય આપો.
(4) કથકલી નૃત્ય વિશે સમજ આપો.

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :**

(1) નૃત્યકલા ક્ષેત્રે ભારતે કરેલી પ્રગતિ સમજાવો.
(2) ગુજરાતના ગરબા અને ગરબી વિશેની સમજ આપો.
(3) ભારતના અને ગુજરાતના હીરા-મોતીકામ અને મીનાકારીગરી અંગે જણાવો.
(4) ગુજરાતનાં આદિવાસી નૃત્યો વિશેની માહિતી આપો.

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો :**

(1) 'સંગીત રત્નાકર' અને 'સંગીત પારિજાત' ગ્રંથોની રચના કરનાર પંડિતોનાં નામ જણાવો.

(2) 'કાંતણ' કળામાં કઈ પ્રક્રિયા કરવામાં આવે છે ?

(3) લોથલના કારીગરો ધાતુઓમાંથી શું શું બનાવતા હોવાનું જણાયું છે ?

(4) હડપ્પાના લોકો માટીનાં વાસણો ઉપર કઈ કઈ ભાત પાડતા હતા ?

(5) ભવાઈ વિશે ટૂંકી માહિતી આપો.

**4. દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :**

(1) નીચેના પૈકી કઈ કૃતિ કાલિદાસની છે ?

(A) ઊરુભંગ (B) કર્ણભાર (C) મેઘદૂતમ્ (D) દૂતવાક્યમ્

(2) વૈજ્યંતીમાલા અને હેમામાલિની કઈ નૃત્યશૈલી સાથે જોડાયેલાં છે ?

(A) મણિપુરી નૃત્યશૈલી (B) કુચીપુડી નૃત્યશૈલી (C) કથકલી નૃત્યશૈલી (D) ભરતનાટ્યમ્ નૃત્યશૈલી

(3) ભારતનો ક્યો વેદ સંગીતકલાને લગતો ગણાય છે ?

(A) ઋગ્વેદ (B) સામવેદ (C) યજુર્વેદ (D) અથર્વવેદ

(4) ભારતમાં સંગીતક્ષેત્રે 'તુતી-એ-હિન્દ' તરીકે કોણ જાણીતું હતું ?

(A) તાનસેન (B) તુલસીદાસ (C) કબીર (D) અમીર ખુશરો

(5) 'ચાળો' નૃત્ય એટલે કયું નૃત્ય ?

(A) આદિવાસીઓનું નૃત્ય (B) ભરવાડોનું નૃત્ય (C) કોળીઓનું નૃત્ય (D) પઢારોનું નૃત્ય

(6) ધમાલ નૃત્ય કરતા સીદીઓ મૂળ ક્યાંના વતની હતા ?

(A) રાજસ્થાન (B) આંદામાન (C) આફ્રિકા (D) થાઈલેંડ

(7) વિશ્વ યોગ દિવસ કઈ તારીખે ઉજવવામાં આવે છે ?

(A) 21 જૂન (B) 1 મે (C) 21 એપ્રિલ (D) 5 સપ્ટેમ્બર

**પ્રવૃત્તિ**

- વિદ્યાર્થીઓને અજંતા-ઈલોરાના પ્રવાસે લઈ જવા.
- વિદ્યાર્થીઓને વિવિધ ભારતીય નૃત્યોના વીડિયો બતાવવા.
- પોતાના ગામ કે શહેરમાં હસ્ત કે લલિત કલાકારોને શોધી વર્ગખંડમાં તેમની કૃતિ કે વ્યાખ્યાનનું આયોજન કરો.
- તમારા વિસ્તારમાં યોજાતા હસ્તકલા મેળાની મુલાકાત લઈને વિવિધ નમૂનાઓનું નિરીક્ષણ કરો.

•